મેસી, સચિન, છેત્રી: વાનખેડેમાં ત્રણ દિગ્ગજ ભેગા થયા

બપોરે મુંબઈ આવ્યા બાદ મેસી સાંજે વાનખેડે સ્ટેડિયમ પહોંચ્યો હતો

મેસીએ સ્ટેડિયમમાં ચક્કર લગાવ્યા, ફૂટબોલોને કીક મારીને સ્ટેન્ડમાં પહોંચાડી અને શૂટઆઉટ સ્પર્ધામાં પણ ભાગ લીધો

મુંબઈ, તા. 14 (પીટીઆઈ): લિયોનેલ મેસી, સચિન તેંડુલકર, સુનિલ છેત્રી, મુંબઈ માટે આનાથી વધુ યાદગાર સંયોજન હોઈ શકે નહીં. ત્રણેય દિગ્ગજો 14 ડિસેમ્બર, રવિવારના રોજ વાનખેડે સ્ટેડિયમ ખાતે એક મહાન સાંજે ભેગા થયા હતા, જેનાથી ચાહકો વર્ષો સુધી યાદ રાખે તેવી ક્ષણો સર્જાઈ હતી.

આ પહેલાં મેસી બપોરની આસપાસ મુંબઈ પહોંચ્યો હતો આ તેના ચાર શહેરોના 'G.O.A.T. ઈન્ડિયા ટૂર 2025'નો આ બીજો દિવસ છે. મેસીએ તાજ કોલાબા ખાતે ટૂંકા આરામ કર્યો હતો ત્યારબાદ તે સાંજે 5 વાગ્યાની આસપાસ સ્ટેડિયમ પહોંચ્યો હતો. મેસી સાથે તેના ઈન્ટર મિયામી સાથી ખેલાડીઓ લુઈસ સુઆરેઝ અને રોડ્રિગો ડી પોલ પણ હતા.

કોલકાતામાં એક નિરાશાજનક અનુભવ પછી, GOAT ટૂરને હૈદરાબાદ અને મુંબઈમાં ફરીથી તેની લય મળી. બપોરથી સ્ટેડિયમમાં એકઠા થયેલા લોકોમાં અનેરો ઉત્સાહ આવ્યો હતો જ્યારે મેસી, સચિન અને છેત્રીએ ઈવેન્ટ દરમિયાન અલગ અલગ સમય પર સ્ટેજ શેર કર્યું હતું.

મેસી તાળીઓના ગડગડાટ સાથે મેદાનમાં પ્રવેશ્યો. વાનખેડે સ્ટેડિયમ, જ્યાં ભારતે બે વાર ક્રિકેટ વર્લ્ડકપ જીત્યો છે, ત્યાં મહાન ફૂટબોલર માટે પણ એ જ જુસ્સો અને ઉર્જા દેખાઈ. મેસીએ મેદાનમાં ચક્કર લગાવ્યા અને કેટલીક ફૂટબોલોને કીક મારીને સ્ટેન્ડમાં પહોંચાડી ચાહકોને ખુશ કર્યા. કાર્યક્રમમાં પ્રદર્શની મેચ, જર્સીની આપ-લે અને પેનલ્ટી શૂટઆઉટ સ્પર્ધા થઈ હતી જેમાં મેસી પોતે પણ સામેલ હતો.

મેસીએ છેત્રીને તેની જર્સી ભેટ આપી

મેસીએ પ્રદર્શની મેચમાં ભાગ લેનારા લોકો સાથે વાતચીત કરી હતી. લાઈનના અંતે સુનિલ છેત્રી મેસીને મળવા માટે ધીરજપૂર્વક રાહ જોઈ રહ્યો હતો. બંને એકબીજાને ભેટી પડ્યા હતા આ ક્ષણ ખૂબ જ ભાવુક હતી. આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં બીજા ક્રમના સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીએ ચોથા ક્રમના સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીને ભેટ્યો, એક એવું દૃશ્ય જેણે ભારતીય ફૂટબોલ ચાહકોની આંખોમાં આંસુ લાવી દીધા. મેસીએ છેત્રીને તેની જર્સી ભેટ આપી હતી.

સુનિલ છેત્રીએ પ્રદર્શની મેચ રમી

મેસીના આગમનના પ્રસંગ માટે વાનખેડે સ્ટેડિયમમાં બે નાની 7-7 ખેલાડીઓની ફૂટબોલ ટીમ બનાવવામાં આવી હતી. અન્ય બેંગલુરુ એફસી ખેલાડીઓ સાથેની સુનિલ છેત્રીની ટીમે અને અભિનેતા જીમ સર્ભ અને ભારતીય મહિલા ફૂટબોલ ટીમની કેપ્ટન બાલા દેવીની આગેવાની હેઠળની સેલિબ્રિટી ટીમ વચ્ચે મેચ રમાઈ હતી. છેત્રીએ મેચનો પહેલો ગોલ કરીને દર્શકોને ઉત્સાહિત કર્યા.

સચિને મેસીને તેની વર્લ્ડકપ 2011ની જર્સી ભેંટ આપી

કાર્યક્રમના અંતમાં લિયોનેલ મેસી સચિન તેંડુલકરને મળ્યો ત્યારે દર્શકોનો ઉત્સાહ અને ખુશી ચરમસીમાએ પહોંચી હતી. આ ક્ષણની ધીરજથી રાહ જોનારા સચિને મેસીને 2011 ક્રિકેટ વર્લ્ડકપની તેની પ્રતિષ્ઠિત ટીમ ઈન્ડિયાની જર્સી ભેટમાં આપી હતી. મેસીએ પણ સચિનને વર્લ્ડકપનો ખાસ ફુટબોલ ભેટ કર્યો હતો. સચિને મેસીના સન્માનમાં આપેલા સંબોધનમાં કહ્યું, 'આજે, આ ત્રણેય ખેલાડીઓનું અહીં આવવું એ મુંબઈ માટે, મુંબઈવાસીઓ માટે અને ભારત માટે એક સુવર્ણ ક્ષણ છે. અહીં આવવા અને આપણા યુવાનોને પ્રોત્સાહન આપવા બદલ ફરી એકવાર આપ સૌનો આભાર. મને આશા છે કે ભારતમાં ફૂટબોલ તે ઊંચાઈ સુધી પહોંચે જેની આપણે બધા ઈચ્છીએ છીએ.'

દ. આફ્રિકાને ત્રીજી ટી-20માં હરાવી ધર્મશાલામાં ભારતની જીતની હેટ્રિક

વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાની શાનદાર બોલિંગ

ભારતે દ. આફ્રિકાને 117 રનમાં ઓલઆઉટ કર્યા બાદ 3 વિકેટે લક્ષ્યાંક હાંસલ કર્યો

હાર્દિક પંડ્યા ટી-20માં 1000 રન બનાવનાર અને 100 વિકેટ લેનાર પ્રથમ ખેલાડી બન્યો

ધર્મશાલા, તા. 14 (પીટીઆઈ): અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને વરુણ ચક્રવર્તીના શાનદાર બોલિંગ પ્રદર્શન બાદ, અભિષેક શર્માની (18 બોલમાં 35 રન) ધમાકેદાર ઈનિંગની મદદથી ભારતે પાંચ મેચની શ્રેણીની ત્રીજી ટી-20 મેચમાં 25 બોલ બાકી રહેતા દક્ષિણ આફ્રિકાને સાત વિકેટથી હરાવીને 2-1ની લીડ મેળવી લીધી.

કેપ્ટન એડન માર્કરમના 46 બોલમાં 61 રન હોવા છતાં, દક્ષિણ આફ્રિકા 117 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારતે 15.5 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું.

અભિષેક શર્માએ ત્રણ છગ્ગા અને એટલા જ ચોગ્ગા ફટકારવા ઉપરાંત, શુભમન ગિલ (28 બોલમાં 28 રન) સાથે મળીને પ્રથમ વિકેટ માટે 60 રનની ઓપનિંગ ભાગીદારી કરી, જેનાથી ટીમને ઝડપી શરૂઆત મળી અને વિજયનો માર્ગ મોકળો થયો.

ગિલે ઈનિંગ્સની શરૂઆતમાં કેટલાક સારા શોટ રમ્યા પરંતુ ઝડપથી રન બનાવવામાં તેને સંઘર્ષ કરવો પડ્યો.

જોકે, તે ક્રીઝ પર થોડો સમય વિતાવવામાં સફળ રહ્યો. તિલક વર્મા (34 બોલમાં અણનમ 26) પણ ઝડપથી રન બનાવવામાં નિષ્ફળ ગયો, જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવે (11 બોલમાં 12) ફરી એકવાર નિરાશ કર્યા.

દક્ષિણ આફ્રિકા માટે, લુંગી એનગીડી, માર્કો યાનસેન અને કોર્બિન બોશે એક-એક વિકેટ લીધી.

આ પહેલાં પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકા માટે, ફક્ત કેપ્ટન એડન માર્કરમ (46 બોલમાં 61 રન) ભારતીય બોલરો સામે ટકી શક્યો. ડોનોવન ફરેરા (20) અને એનરિચ નોર્ટજે (12) જ બે આંકડામાં રન બનાવી શક્યા.

અર્શદીપે ચાર ઓવરમાં 13 રન આપીને 2 વિકેટ લીધી, જ્યારે ચક્રવર્તીએ સમાન ઓવરમાં 11 રન આપીને 2 વિકેટ લીધી. રાણાએ અને કુલદીપે પણ 2-2 વિકેટ લીધી. હાર્દિક પંડ્યા અને શિવમ દુબેએ એક-એક વિકેટ લીધી.

પંડ્યાએ પોતાની પહેલી ઓવરમાં ટ્રિસ્ટન સ્ટબ્સને વિકેટકીપર જીતેશ શર્મા દ્વારા કેચ કરાવીને T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 100 વિકેટ પૂર્ણ કરી. તે રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં 1,000 રન બનાવનાર અને 100 વિકેટ લેનાર પ્રથમ ખેલાડી પણ બન્યો.

દક્ષિણ આફ્રિકા	રન	બોલ	4	6
ડી કોક એલબી બો હર્ષિત	1	3	0	0
હેન્ડ્રીક્સ એલબી અર્શદીપ	0	3	0	0
માર્કરમ કો શર્મા બો અર્શદીપ	61	46	6	2
ડેવિસ બો હર્ષિત	2	7	0	0
સ્ટબ્સ કો શર્મા બો હાર્દિક	9	13	0	0
બોશ બો દુબે	4	9	0	0
ફેરેરા બો વરૂણ	20	15	1	1
યાનસેન બો વરૂણ	2	7	0	0
નોર્ટ્જે સ્ટ. શર્મા બો કુલદીપ	12	12	0	1
એનગીડી અણનમ	2	3	0	0
બાર્ટમેન કો યાદવ બો કુલદીપ	1	2	0	0
વધારાના	3			
કુલ 20 ઓવરમાં ઓલઆઉટ	117 રન			

વિકેટ પતન: 1-1, 2-1, 3-7, 4-30, 5-44, 6-69, 7-77, 8-113, 9-115, 10-117

બોલિંગ :	O	M	R	W
અર્શદીપ સિંહ	4	0	13	2
હર્ષિત રાણા	4	0	34	2
હાર્દિક પંડ્યા	3	0	23	1
વરૂણ ચક્રવર્તી	4	0	11	2
શિવમ દુબે	3	0	21	1
કુલદીપ યાદવ	2	0	12	2

ભારત	રન	બોલ	4	6
અભિષેક કો માર્કરમ બો બોશ	35	18	3	3
ગિલ બો યાનસેન	28	28	5	0
તિલક અણનમ	26	34	3	0
સૂર્યકુમાર કો બાર્ટમેન બો એનગીડી	12	11	2	0
શિવમ દુબે અણનમ	10	4	1	1
વધારાના	9 રન			
કુલ 15.5 ઓવરમાં 3 વિકેટે	120 રન			

વિકેટ પતન: 1-60, 2-92, 3-109

બોલિંગ	O	M	R	W
લુંગી એનગીડી	3	0	23	1
માર્કો યાનસેન	3	0	24	1
ઓટ્ટનેલી બાર્ટમેન	3.5	0	34	0
કોર્બીન બોશ	3	0	18	1
નોર્ટ્જે	3	0	14	0

મેસીના કાર્યક્રમમાં થયેલી અરાજકતાથી 50 વર્ષ સુધી પશ્ચિમ બંગાળને અસર પડશે: ચૌબે

કોલકાતા, તા. 14 (પીટીઆઈ): ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના (AIFF) અધ્યક્ષ અને ભાજપના નેતા કલ્યાણ ચૌબેએ રવિવારે દાવો કર્યો હતો કે ફૂટબોલ સુપરસ્ટાર લિયોનેલ મેસ્સીના સોલ્ટ લેક સ્ટેડિયમમાં કોન્સર્ટ દરમિયાન થયેલી અંધાધૂંધી અને તોડફોડના વ્યાપક પરિણામો આવશે અને તે 50 વર્ષથી વધુ સમયથી કોલકાતાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડશે. શનિવારે સવારે કોલકાતામાં મેસ્સીની મુલાકાત દરમિયાન ભીડ વ્યવસ્થાપન અને સુરક્ષામાં ખામીઓને કારણે અંધાધૂંધી સર્જાઈ હતી, જેમાં સેલ્ફી લેનારા રાજકારણીઓ અને VIPs દ્વારા આર્જેન્ટિનાનાને ઘેરી વળ્યા હતા. ભારતીય ફૂટબોલના મક્કા ગણાતા શહેર માટે આ ઘટનાને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવતા ચૌબેએ કહ્યું, 'જ્યારે આવી ઘટના બને છે, ત્યારે તેને આંતરરાષ્ટ્રીય સ્તરે જોવામાં આવે છે.'

અન્ડર-19 એશિયા કપ: ભારતે પાકિસ્તાનને હરાવ્યું

ભારતે આપેલા 241 રનના લક્ષ્યાંક સામે પાકિસ્તાની ટીમ 150 રનમાં ઓલઆઉટ થઈ

દુબઈ, તા. 14 (પીટીઆઈ): ઓલરાઉન્ડર કનિષ્ક ચૌહાણ અને ફાસ્ટ બોલર દીપેશ દેવેન્દ્રનની શિસ્તબદ્ધ બોલિંગની મદદથી ભારતે રવિવારે અહીં રમાયેલી અંડર-19 એશિયા કપની ગ્રુપ-A મેચમાં તેના કટ્ટર હરીફ પાકિસ્તાનને 90 રનથી હરાવ્યું.

પહેલા બેટિંગ કરતા ભારતે 46.1 ઓવરમાં 240 રન બનાવ્યા, જેમાં એરોન જ્યોર્જે 85 રન બનાવ્યા. કેપ્ટન આયુષ મ્હાત્રે (38) અને ચૌહાણે (46) પણ ઉપયોગી યોગદાન આપ્યું.

ભારતે ઝડપી શરૂઆત કરી, કેપ્ટન મ્હાત્રેએ 25 બોલની ઈનિંગમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા. જોકે, મોહમ્મદ સૈયમે પ્રથમ 10 ઓવરમાં બંને ઓપનરોને આઉટ કર્યા.

241 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, પાકિસ્તાન શરૂઆતના આંચકામાંથી બહાર નીકળી શક્યું નહીં અને 41.2 ઓવરમાં 150 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

ચૌહાણે 33 રન આપીને 3 વિકેટ લીધી જ્યારે દેવેન્દ્રને 16 રન આપીને 3 વિકેટ લીધી, જેનાથી ભારતને મેચ પર નિયંત્રણ જાળવી રાખવામાં અને ગ્રુપ Aની આ મહત્વપૂર્ણ મેચમાં શાનદાર જીત મેળવવામાં મદદ મળી.

અંડર-19 ટીમે પણ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવ્યા

રવિવારે દુબઈમાં રમાયેલી એશિયા કપ અંડર-19 ક્રિકેટ મેચ દરમિયાન ભારતે પાકિસ્તાન સામે હાથ ન મિલાવવાની નીતિ જાળવી રાખી હતી. ટોસ દરમિયાન ભારતીય કેપ્ટન આયુષ મ્હાત્રે અને તેના પાકિસ્તાની સમકક્ષ ફરહાન યુસુફે એકબીજાની અવગણના કરી હતી. મેચ સમાપ્ત થયા પછી પણ બંને ટીમના ખેલાડીઓએ એક બીજા સાથે હાથ મિલાવ્યા ન હતા. ભારતીય ખેલાડીઓએ અંપાયરો સાથે હાથ મિલાવ્યા અને મેદાન પરથી જતા રહ્યા હતા.

હું IPLમાં બોલિંગ કરવા પણ તૈયાર: કેમરન ગ્રીન

એડીલેડ, તા. 14 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર કેમેરન ગ્રીને રવિવારે સ્પષ્ટતા કરી હતી કે તે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં બોલિંગ કરવા માટે ઉપલબ્ધ રહેશે. તેણે સમજાવ્યું હતું કે તેના મેનેજરની ભૂલના પરિણામે આગામી સપ્તાહના મીની ઓક્શનમાં ભૂલથી તેની બેટ્સમેન તરીકે નોંધણી કરાવવામાં આવી હતી. 26 વર્ષીય ગ્રીન, જે પીઠની સર્જરીમાંથી સ્વસ્થ થયા બાદ જૂનમાં એક નિષ્ણાત બેટ્સમેન તરીકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાછો ફર્યો હતો. જોકે, ત્યારબાદ તેને બોલિંગ માટે મંજૂરી આપવામાં આવી છે અને હાલમાં તે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી એશિઝ શ્રેણીમાં બોલિંગ કરી રહ્યો છે. ગ્રીને કહ્યું હતું કે, 'હું બોલિંગ કરવા માટે તૈયાર રહીશ. મને ખબર નથી કે મારા મેનેજર આ સાંભળવા માગે છે કે નહીં, પરંતુ તે તેમની તરફથી ભૂલ હતી.'

ઊંચા કદના ઓલરાઉન્ડર ગ્રીને 2023માં મુંબઈ ઈન્ડિયન્સ અને 2024માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તે હરાજીમાં ભાગ લેનારા સૌથી મોટા નામોમાંનો એક છે અને તેના પર મોટી બોલી લાગવાની અપેક્ષા છે.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી - સુપર લીગ મેચ

મુંબઈએ હરિયાણાને હરાવ્યું, જયસ્વાલની વિસ્ફોટક સદી

જયસ્વાલે 50 બોલમાં 101 જ્યારે સરફરાઝે 24 બોલમાં 64 રનની ઈનિંગ રમી

અમ્બી (પૂણે), તા. 14 (પીટીઆઈ): ટી-20 ટીમ માટે અવગણવામાં આવ્યા બાદ, યશસ્વી જયસ્વાલે રવિવારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની સુપર લીગ બી મેચમાં 48 બોલમાં સદી ફટકારીને ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈની હરિયાણા સામે ચાર વિકેટથી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ સાથે જ તેણે અજીત અગરકરના નેતૃત્વવાળી રાષ્ટ્રીય પસંદગી સમિતીને તેને ટીમમાં સામેલ કરવા માટેનો સંદેશ આપ્યો હતો. સુપર લીગની પ્રથમ મેચમાં હૈદરાબાદ સામે એકતરફી હાર બાદ, મુંબઈએ જયસ્વાલ (50 બોલમાં 101) અને સરફરાઝ ખાનની (24 બોલમાં 64) ઈનિંગ્સની મદદથી હરિયાણાએ આપેલા 235 રનના લક્ષ્યાંકનો પીછો કરતા 17.3 ઓવરમાં 6 વિકેટે 238 રન બનાવ્યા. જયસ્વાલ અને સરફરાઝે માત્ર 6.1 ઓવરમાં 88 રન ઉમેરીને મુંબઈની ફાઈનલમાં ક્વોલિફાય થવાની આશા જીવંત રાખી. મેચ પછીના ઈનામ વિતરણ સમારોહ દરમિયાન, જયસ્વાલે પ્લેયર ઓફ ધ મેચનો 50,000 રૂપિયાનો ચેક સ્વીકારવા માટે જયસ્વાલને પણ પોતાની સાથે બોલાવ્યો.

ભારતે પ્રથમ વખત સ્ક્વોશ વર્લ્ડકપ ખિતાબ જીત્યો

ભારતે ફાઈનલમાં હોંગકોંગને 3-0થી હરાવ્યું

જોશ્ના ચિનપ્પા, અભય સિંહ અને અનાહત સિંહે પોતપોતાની મેચો જીતી

ચેન્નાઈ, તા. 14 (પીટીઆઈ): રવિવારે ભારતે ફાઈનલમાં હોંગકોંગને 3-0થી હરાવીને પ્રથમ વખત સ્ક્વોશ વર્લ્ડકપનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો. ભારત આ સિદ્ધિ મેળવનાર પ્રથમ એશિયન દેશ બન્યો. ભારતનું અગાઉનું શ્રેષ્ઠ પ્રદર્શન 2023માં બ્રોન્ઝ મેડલ જીતવાનું હતું. આ ટાઈટલ જીત ચોક્કસપણે ભારતીય સ્ક્વોશ માટે સારા સમાચાર છે કારણ કે આ રમત 2028માં લોસ એન્જલસ ઓલિમ્પિકમાં પ્રથમ વખત સામેલ થઈ રહી છે.

ભારતીય ટીમે મિક્સ ટીમ ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું. ટુર્નામેન્ટમાં બીજા ક્રમે, ભારતે એક પણ મેચ હાર્યા વિના ટાઈટલ જીત્યું. ગ્રુપ સ્ટેજમાં સ્વિટ્ઝલૈંન્ડ અને બ્રાઝિલને સમાન 4-0ના માર્જિનથી હરાવ્યા બાદ, ભારતે ક્વાર્ટર-ફાઈનલ અને સેમિફાઈનલમાં અનુક્રમે દક્ષિણ આફ્રિકા અને બે વખતના ચેમ્પિયન ઈજિપ્તને 3-0 થી હરાવ્યું હતું. વિશ્વ રેન્કિંગમાં 79માં સ્થાને સ્થિત જોશ્ના ચિનપ્પાએ ફાઈનલમાં 37મા ક્રમાંકિત લી કા યી પર 3-1થી જીત મેળવી અપસેટ સર્જ્યો હતો અને ભારતને જોરદાર શરૂઆત અપાવી હતી. એશિયન ગેમ્સના મેડલ વિજેતા અભય સિંહે (વિશ્વ ક્રમાંક 29) 42મા ક્રમાંકિત એલેક્સ લાઉને 3-0થી હરાવ્યો, જ્યારે 17 વર્ષીય અનાહત સિંહે વિશ્વ રેન્કિંગમાં 31માં સ્થાનના ટોમેટો હોને સમાન માર્જિનથી હરાવીને ભારત માટે ખિતાબ સુનિશ્ચિત કર્યો.

પ્રીમિયર લીગ: લીવરપુલે બ્રાઈટનને હરાવ્યું

આર્સેનલે વોલ્વર હેમ્પટનને જ્યારે ચેલ્સીએ એવર્ટનને હરાવ્યું

લીવરપુલમાં મોહમ્મદ સાલાહની વાપસી થઈ

લીવરપુલ, તા. 14 (એપી): લીવરપુલે શનિવારે અહીં ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફુટબોલ ટુર્નામેન્ટમાં બ્રાઈટનને 2-0થી હરાવ્યું હતું, આ સાથે જ લીવરપુલના મોહમ્મદ સાલાહે રિહેબિલિટેશન પૂર્ણ કર્યા બાદ પ્રતિસ્પર્ધી ફુટબોલમાં વાપસી પણ કરી હતી.

સતત 3 મેચમાં ટીમમાં સામેલ ન કરાયા બાદ સાલાહે ગયા સપ્તાહંતે લીવરપુલના મેનેજર આર્ને સ્લોટ સામે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું, એવું લાગે છે જેમ કે કોઈ મને ટીમમાં લેવા નથી માગતુ. 26મી મીનિટે સબ્સ્ટીટ્યુટ તરીકે મેદાનમાં આવ્યા બાદ સાલાહે હ્યુગો એકીટીકેને બીજો ગોલ કરવામાં મદદ કરી હતી. મેચ બાદ સ્લોટે કહ્યું હતું, 'મારી તરફથી તેના માટે કોઈ મુદ્દો નથી.'

આ વિજય સાથે લીવરપુલે સતત પાંચ મેચ જીતીને પોતાનો વિજયરથ આગળ વધાર્યો હતો, તે હવે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે.

અન્ય એક મેચમાં આર્સેનલે છેલ્લા સ્થાન પર ચાલી રહેલા વોલ્વર હેમ્પટનને 2-1થી હરાવ્યું હતું, હેમ્પટનના ખેલાડીઓએ બે આત્મઘાતી ગોલ કર્યા હતા. જ્યારે ચેલ્સીએ એવર્ટનને 2-0થી પરાજિત કર્યું. ફુલહામે બર્નેલને 3-2થી હરાવ્યું, બર્નેલની આ સતત સાતમી હાર છે.

લા લીગા : બાર્સેલોનાએ ટોચ પર પોતાની સ્થિતિ મજબૂત કરી

બાર્સેલોનાના 2-0ના વિજયમાં રાફિન્હાએ બંને ગોલ કર્યા

બાર્સેલોના, તા. 14 (એપી): શનિવારે રાફિન્હાના બે ગોલની મદદથી બાર્સેલોનાએ ઓસાસુના પર 2-0થી વિજય મેળવીને લા લીગા ફૂટબોલના પોઈન્ટ ટેબલમાં ટોચ પર પોતાની લીડ મજબૂત કરી. બ્રાઝિલિયન ફોરવર્ડ રાફિન્હાએ 70મી મિનિટે બાર્સેલોનાને લીડ અપાવી અને પછી 84મી મિનિટે બીજો ગોલ કરીને 2-0થી વિજય સુનિશ્ચિત કર્યો.

સતત સાતમી લીગ જીત સાથે, ડિફેન્ડિંગ ચેમ્પિયન બાર્સેલોનાએ બીજા ક્રમે રહેલા રીયલ મેડ્રિડ પર સાત પોઈન્ટની લીડ મેળવી લીધી છે.

રવિવારે મેડ્રિડનો મુકાબલો અલાવેસ સામે થશે. મેડ્રિડે બધી સ્પર્ધાઓમાં તેની છેલ્લી આઠ મેચમાંથી ફક્ત બે જ જીતી છે, જેના કારણે ટીમ દબાણમાં છે. અન્ય મેચોમાં એટલેટિકો મેડ્રિડે વેલેન્સિયાને 2-1થી હરાવ્યું. ચોથા સ્થાને રહેલ એટલેટિકો બાર્સેલોનાથી નવ પોઈન્ટ પાછળ છે. એસ્પેન્યોલે ગેટાફેને 1-0થી હરાવીને સતત ચોથી જીત મેળવી, જ્યારે મેલોર્કાએ એલ્ચેને 3-1થી હરાવ્યું.

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
અક્ષયખન્નાનો જોરદાર રુવાબ...

ધુરંધર
* રણવીરસિંહ * સંજયદત્ત * અર્જુન રામપાલ
૧૨.૧૫, ૩.૪૫, ૬.૧૫, રાત્રે ૯.૩૦
સાઉથનું એક્શન થ્રીલર


અખંડા-2
બે શો : ૧૨.૩૦, ૩.૩૦
શોલે * ધર્મેન્દ્ર * હેમા માલિની * અમિતાભ * સંજીવકુમાર
(રીપીટ) એક શો : રાત્રે ૯.૫૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
ડ્રક્કી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
: 8238380822
: @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm
અક્ષયખન્નાનો જોરદાર રુવાબ...

ધુરંધર
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૦, ૧૨.૫૦, ૧.૨૦, ૨.૦૦, ૨.૩૦, ૩.૨૫, ૪.૦૦, ૪.૪૦, ૫.૧૦, ૬.૦૦, ૭.૧૦, રાત્રે ૮.૦૦, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦
જીવ ગુજરાતી : સવારે ૧૧.૩૦
કોમેડી, રોમાન્ટીક ફિલ્મ
કિસ કિસ કો પ્યાર કરુ-2
૯.૦૫, ૧૦.૦૦, ૧.૪૫, ૪.૨૦, રાત્રે ૯.૩૦
અખંડા-2 હિન્દી : ૧૨.૦૫, ૩.૧૦, રાત્રે ૧૧.૧૦
લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે
૯.૦૦, ૬.૧૦, રાત્રે ૮.૪૦
અજબ ટારઝન ની ગજબ કહાની
ગુજરાતી : ૭.૦૦
તેરે ઈશ્ક મેં ૯.૦૦, ૧૨.૪૦, ૬.૨૦

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત

ધુરંધર
૧૦.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૪૫, ૫.૪૫, ૬.૪૫, રાત્રે ૯.૦૦, ૯.૪૫, ૧૦.૩૦
કિસ કિસ કો પ્યાર કરુ-2
સવારે ૧૦.૧૫
લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે ગુજરાતી : ૧૨.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.